# શ્રી મહાવીર ચેરીટેબલ ટ્રસ્ટ

## આપના અમૂલ્ય યોગદાન માટે અપીલ

તા. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ ના રોજ અમદાવાદ શહેરમાં ધરતીકંપના પ્રચંડ આંચકાએ કેટલાયના જાન લીધા, કેટલાય બેઘર બન્યા અને કેટલાયના મકાનોને નુકશાન થયું. આ દુઃખદ ઘટનામાં સમસ્ત સ્થાનકવાસી જૈન સમાજને ઉપયોગી થવા સ્થાનકવાસી જૈન સમાજના શ્રેષ્ઠીઓ તથા સંઘોએ ભેગા મળી સંયુક્તપણે **'શ્રી મહાવીર ચેરીટેબલ ટ્રસ્ટ'** ની સ્થાપના કરી રૂા. ૩૨ લાખ જેટલો માતબર ફાળો એકત્ર કરી સમાજના ૨૭૬ જેટલા જરૂરીયાતમંદ કુટુંબોને સહાય કરી.

ઉપરોક્ત સહાયનુ કાર્ય પૂરું થતાં તે પછી વધેલ રકમ અને સહાય લેનાર અમુક પરિવારોએ ટ્રસ્ટને રકમ પરત કરતાં આ રકમનો ઉપયોગ સાધર્મિક કુટુંબોના દિકરા-દિકરીઓને શિક્ષણમાં ઉપયોગી થવામાં કરવો એમ નક્કી કરવામાં આવ્યું.

**"શિક્ષિત સમાજ સમૃધ્ધ સમાજ"** ની વિચારધારા સાથે સને ૨૦૦૨-૨૦૦૩ થી જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને તેનો અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધી લોન સહાય આપવાની શરૂઆત કરી અને પ્રતિ વર્ષે રૂા. ૮,૦૦૦/- સુધી વગર વ્યાજની લોન સહાય આપવાનું શરૂ કર્યું. સમય વિતતો ગયો અને ફી નું ધોરણ તેમજ મોંઘવારી બંને વધતા ગયા. આથી શ્રી મહાવીર ચૅરીટેબલ ટ્રસ્ટે સને ૨૦૧૦ માં **'વિદ્યાદાન-મહાદાન' સમારોહ-૧** નું આયોજન કર્યું. કેળવણીના કદરદાનો અને દાનવીરોએ કેળવણીની અગત્યતા સમજી અમદાવાદનાં સમસ્ત સ્થાનકવાસી પરિવારનો એક પણ દીકરો અગર દીકરી ગ્રેજ્યુએટથી ઓછો ભણેલો ન હોવો જોઈએ એવા નિર્ધાર સાથે પોતે પોતાની પૂણ્યાનુબધી પૂણ્યની લક્ષ્મી સમાજને સુશિક્ષિત બનાવવા ટ્રસ્ટને અર્પણ કરી અને ટ્રસ્ટે વિદ્યાર્થીઓને અપાતી લોન સહાયની રકમમાં વધારો કર્યો.

પરંતુ સમય વિતતાં આ રકમ પણ ઓછી પડતા સને ૨૦૧૨ માં **'વિદ્યાદાન-મહાદાન' સમારોહ-૨** નું આયોજન કર્યું અને આપ સૌના સાથ-સહકારથી સમારોહ ખૂબ જ સફળતાપૂર્વક સંપન્ન થયો. જેથી અમારો ઉત્સાહ અનેક ગણો વધી ગયો.

પરિણામે ટ્રસ્ટે મેડીકલના વિદ્યાર્થીઓને દર વર્ષે રૂા. ૩,૦૦,૦૦૦/- ની લોન સહાય અને એન્જીનીયરીંગ, એમ.બી.એ. જેવા વિકાસલક્ષી અભ્યાસક્રમોમાં વધુમા વધુ દર વર્ષે રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી લોન સહાય આપવાની શરૂ કરી. તદ્‌ઉપરાંત બહારગામ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને દર વર્ષે રૂા. ૨૫,૦૦૦/- સુધીની લોન સહાય પણ આપવાની શરૂઆત કરી. આ સુધારેલી લોન સહાયના કારણે વિદ્યાર્થી તથા તેના કુટુંબને સારી એવી રાહત મળી.

આ ઉપરાંત બીજા કેટલાક વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો કેટલીક સંસ્થાઓ ચલાવે છે જેથી વિદ્યાર્થી નોકરી કરવાની સાથે અભ્યાસ પણ કરી શકે છે અને એ માટે અમે વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો જેવા કે વેબ ડિઝાઈનીંગ, સોફ્ટવેર ડેવલપમેન્ટ, એનીમેશન વિ. માટે લોન સહાયની યોજના પણ અમલમાં મુકેલ છે. આ યોજના અન્વયે ડિસ્ટન્સ લર્નીગ અભ્યાસ માટે પણ લોન સહાય આપવામાં આવે છે.

સારા અભ્યાસક્રમ માટે સારી કોલેજમાં એડમીશન માટે ધોરણ ૧૧ તથા ધોરણ ૧૨ ની પરીક્ષાનુ પરિણામ પણ ઘણું અગત્યનું બનેલ છે. તેથી વિદ્યાર્થી સારા માર્ક લાવી શકે તે માટે આ બંને ધોરણોના પ્રાઈવેટ ટ્યુશન માટે પણ લોનસહાય આપવાનું તેમજ JEE અને NEET માટે ખાનગી ટ્યુશનની રકમ મળી લોન સહાય રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી આપવાનું શરૂ કર્યું.

કોમ્પ્યુટર/લેપટોપ માટે રૂા. ૨૫,૦૦૦/- અને સાધર્મિક કુટુંબોને સ્વનિર્ભર કરવાના હેતુથી ધંધા-રોજગાર માટે રૂા. ૭૫,૦૦૦/- ની લોન સહાય અપાય છે.

ઉપર જણાવેલ યોજનાઓમાં સને ૨૦૧૫-૨૦૧૬ થી અમલમાં આવે તે રીતે નીચે મુજબ લોન સહાય રકમમાં વધારો કરવામાં આવ્યો છે.

૧. ઉચ્ચ અભ્યાસ યોજના તથા વ્યવસાયલક્ષી અભ્યાસ યોજના હાલ શૈક્ષણીક લોન સહાય રૂા. ૫૦,૦૦૦/- સુધી પુરી રકમ અપાય છે તેને બદલે હવે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી પૂરી રકમ આપવામાં આવશે. વધારાની રકમના ૫૦ % પણ મહત્તમ લોન સહાય પ્રતિ વર્ષ રૂા. ૧,૫૦,૦૦૦/- સુધી અપાતી હતી તે હવે રૂા. ૨,૦૦,૦૦૦/- સુધી અપાશે.

૨. વ્યવસાય - ધંધા રોજગાર માટે લોન સહાય જે મહત્તમ રૂા. ૭૫,૦૦૦/- સુધી અપાય છે તેને બદલે મહત્તમ રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી અપાશે.

**ઉપરોક્ત જણાવેલ બધી જ યોજનાની લોન સહાય બીલકુલ વ્યાજ વગર આપવામાં આવે છે** અને તે લોન સહાયની ભરપાઈ પણ સરળ હપ્તેથી કરવાની હોય છે.

આ રીતે સંસ્થાએ અત્યાર સુધી ૧૦૫૦ લાભાર્થીઓને લગભગ રૂા. ૬.૨૫ કરોડ જેટલી રકમની લોન સહાય આપેલ છે. ૧૬૫ જેટલા વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ પૂર્ણ કરેલ છે અને લોનની પુરેપુરી રકમ પરત કરેલ છે.

**આપણા સમાજના સાધર્મિક કુટુંબોને શૈક્ષણીક લોન સહાય તેમજ સ્વનિર્ભર થવા લોન સહાય આપી સમાજ ઉત્થાનના આ શુભ કાર્ય કરવા આપના અમૂલ્ય યોગદાનની અપેક્ષા છે. આવા શુભ હેતુ માટે આપની પૂણ્યાનુબંધી પૂણ્યની લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરી પૂણ્ય કમાવવાનો આ અવસર ચુકશો નહીં.**

દાન માટે નીચે મુજબની યોજના અમલમાં છે :

| | | |
|---|---|---|
| ૧ | કાયમી મેડિકલ અભ્યાસ યોજના | રૂા. ૨ કરોડ |
| ૨ | શ્રી રત્નચીંતામણી દાતા | રૂા. ૫૧ લાખ |
| ૩ | શ્રી પારસમણી દાતા | રૂા. ૪૧ લાખ |
| ૪ | શ્રી કામધેનુ દાતા | રૂા. ૨૫ લાખ |
| ૫ | શ્રી કલ્પવૃક્ષ દાતા | રૂા. ૧૧ લાખ |
| ૬ | શ્રી મેડિકલ અભ્યાસ દત્તક યોજના | રૂા. ૧૧ લાખ |
| ૭ | ફેકલ્ટી દત્તક યોજના | રૂા. ૫ લાખ |
| ૮ | એક વિદ્યાર્થી કાયમી દત્તક યોજના | રૂા. ૧ લાખ |
| ૯ | વાર્ષિક દત્તક યોજના | રૂા. ૩૧ હજાર |

**નોંધ :** પાંચ લાખ અથવા વધુ રકમવાળી યોજનામાં દાતા સંયુક્ત બે નામે લાભ લઈ શકશે. તેમજ આ રકમ પાંચ હપ્તે પાંચ વર્ષમાં પણ આપી શકશે.

ફોરેન ડોનેશન (FCRA) પણ આવકાર્ય છે. તે માટે સેન્ટ્રલ ગવર્મેન્ટની એપ્રુવલ મળી ગઈ છે.

આપનો સહકાર અતિ પ્રશંસનીય રહેશે. આ માટે આપને સંસ્થાના હોદ્દેદારો અગર ટ્રસ્ટીશ્રીઓનો સંપર્ક કરવા વિનંતી છે.

- ટ્રસ્ટી મંડળ,

શ્રી મહાવીર ચેરીટેબલ ટ્રસ્ટ